"ગીર" ફાઉન્ડેશન

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન

સત્યમેવ જયતે

આર.ડી. કમ્બોજ, ભાવસે
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક અને નિયામક

ક્રમાંક:ઈ.ઈ./વાય.ઈ.એ-2019/12/બ- ૨૮૩૮ 2019-20 તા:-૨૯/૦૮/૨૦૧૯

પ્રતિ,
નાયબ વન સંરક્ષકશ્રી, સંબંધિત તમામ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સંબંધિત તમામ

**વિષય: જિલ્લા યુવા ઇકો એમ્બેસેડર – 2019 બાબત**

છેલ્લા નવ વર્ષથી ગુજરાત રાજ્યમાં 'ગીર' ફાઉન્ડેશન અને ગુજરાત વન વિભાગના સહિયારા પ્રયાસથી નેશનલ ગ્રીન કોર (એન.જી.સી.) યોજના હેઠળ એન.જી.સી. ઇકો ક્લબ ધરાવતી શાળાઓ માટે એક ખાસ સ્પર્ધા યોજી યુવા જિલ્લા ઇકો એમ્બેસેડરની પસંદગી કરવામાં આવે છે અને પસંદગી પામેલા જિલ્લા યુવા ઇકો એમ્બેસેડર માટેની ખાસ શૈક્ષણિક શિબિરનું આયોજન "ગીર" ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવે છે. જિલ્લા ઇકો એમ્બેસેડર વિશે ટૂંકી વિગત આપના સંદર્ભ સારુ આ સાથે સામેલ છે. પ્રતિ વર્ષની જેમ વર્ષ 2019-20 માટે પણ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે એન.જી.સી. ઇકો ક્લબ ધરાવતી શાળાઓમાં તાલુકા કક્ષાએ અને ત્યારબાદ જિલ્લા કક્ષાએ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરી પ્રત્યેક જિલ્લામાંથી એક યુવા ઇકો એમ્બેસેડર ની પસંદગી કરવાની થાય છે સમગ્ર કાર્યક્રમની રૂપરેખા અને આયોજન નીચે પ્રમાણે છે.

**જિલ્લા યુવા ઇકો એમ્બેસેડર 2019 પસંદ કરવા માટેની સ્પર્ધાની રૂપરેખા**

(૧) **સૂચિત સ્પર્ધા**
- વક્તૃત્વ સ્પર્ધા (ધો. 8 થી 12 ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે)

(૨) **સૂચિત વિષયો:**
1. આપણો જૈવિક વારસો
2. પ્લાસ્ટિક પ્રદૂષણને મહાત કરીએ
3. સાતત્યપૂર્ણ વિકાસ માટે સાતત્યપૂર્ણ જીવનશૈલી

(૩) **સ્પર્ધા યોજવાની પદ્ધતિ તથા સમયપત્રક:**

નોંધ: તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ કરવાની થતી સ્પર્ધા જિલ્લા સંકલનકારશ્રી, તથા જે તે તાલુકાના ક્ષેત્રીય અધિકારીશ્રી, ક્ષેત્રીય જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મદદનીશ વન સંરક્ષકશ્રીઓના અસરકારક સંકલનથી કરવી

- **તાલુકા કક્ષાએ:** પ્રથમ તબક્કે તાલુકા કક્ષાએ સ્પર્ધા યોજાશે. તાલુકા કક્ષાએ વિજેતા થયેલા પ્રથમ ત્રણ વિજેતાઓ જિલ્લા કક્ષાએ ભાગ લેશે.
- **જિલ્લા કક્ષાએ:** તાલુકા કક્ષાએ પસંદ થયેલ સ્પર્ધકોની સ્પર્ધા જિલ્લાના સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રી / જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા યોજાશે.
- **તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ પ્રોત્સાહન:** પસંદગી પ્રક્રિયા દરમિયાન તાલુકા કક્ષાના અને જિલ્લા કક્ષાના વિજેતાઓને તેમજ ભાગ લેનાર પ્રતિસ્પર્ધિઓને પ્રોત્સાહિત કરવા અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા નીચે મુજબ રોકડ ઇનામો આપવા વિનંતિ છે.

| સ્પર્ધા | પ્રથમ ઈનામ (₹) | દ્વિતિય ઈનામ (₹) | તૃતિય ઈનામ (₹) | દરેક ભાગ લેનાર વિદ્યાર્થીઓને |
|---|---|---|---|---|
| તાલુકા કક્ષાની સ્પર્ધા | 1500 | 1000 | 500 | પ્રમાણપત્ર અને પ્રોત્સાહન ઈનામ |
| જિલ્લા કક્ષાની સ્પર્ધા | 2000 | 1500 | 1000 | પ્રમાણપત્ર અને પ્રોત્સાહન ઈનામ |

**નોંધ:** સદર સ્પર્ધાઓ યોજવા માટે જે પણ ખર્ચ થાય છે તેને પહોંચી વળવા માટે સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રી જિલ્લા કક્ષાએ રહેલા એન.જી.સી. હેઠળના ભંડોળમાંથી ₹ 40,000/- ની મર્યાદામાં ખર્ચ કરી શકે છે.

Scanned by CamScanner

- જિલ્લા કક્ષાની સ્પર્ધા 12-10-2019 સુધીમાં પૂર્ણ કરી લેવી.
- પ્રત્યેક જિલ્લામાંથી જિલ્લા કક્ષાએ પ્રથમ આવેલ વિદ્યાર્થીને જિલ્લા ઇકો એમ્બેસેડર તરીકે ઘોષિત કરવાના રહેશે.
- સંબંધિત નાયબ વન સંરક્ષકશ્રી / જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા જિલ્લા કક્ષાએ પસંદ કારાયેલ વિજેતા ની વિગતો નોમિનેશન ફોર્મમાં ભરીને તા. 19-10-2019 સુધીમાં "ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતે મોકલી આપવી.

નોંધ: એન.જી.સી યોજના અંતર્ગત પારિસ્થિતિકીય શિક્ષણ હેતુ વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિઓમાં રસપૂર્વક ભાગ લેવા પ્રોત્સાહિત કરવાનો છે. આ હેતુને અનુરૂપ પ્રત્યેક વર્ષ દરેક જિલ્લામાંથી નવા યંગ ઇકો એમ્બેસેડર પસંદ થાય તે હિતાવહ છે. આથી અગાઉના વર્ષોમા જે યંગ ઇકો એમ્બેસેડર નિયત થયા હતા તેઓને આ વર્ષ 2019-20 ના યુવા ઇકો એમ્બેસેડર જાહેર કરવાના થતા નથી.

(૪) **પ્રકૃતિ શિક્ષણ શિબિર:**

- પ્રત્યેક જિલ્લા યુવા ઇકો એમ્બેસેડર "ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતે આયોજિત ખાસ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લેશે. શિબિરના કાર્યક્રમની રૂપરેખા અને વધુ વિગતો અત્રેથી જાણ કરવામાં આવશે.

"ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર તરફથી આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન શ્રી ડી.સી. મહેતા, નાયબ નિયામકશ્રી (ઇ ઇ), "ગીર" ફાઉન્ડેશન ના સંકલન નીચે શ્રી જી.સી. કુરીયા, મ.વ.સ. (ઇ ઇ), "ગીર" ફાઉન્ડેશન, ગાંધીનગર તથા શ્રી આલાપ પંડિત, નેચર એજ્યુકેટર, 'ગીર' ફાઉન્ડેશન ગાંધીનગર કરશે.

સદરહુ કાર્યક્રમ ગત વર્ષોની જેમ સમગ્ર રાજ્યમાં સફળતા પૂર્વક યોજાય તથા બધા જિલ્લાના વિજેતા વિદ્યાર્થીઓ અત્રેના પ્રકૃતિ ઉદ્યાન ખાતે યોજાનાર શિબિરમાં ભાગ લઇ શકે તે માટે સુયોજિત કાર્યક્રમો સમયસર પૂર્ણ કરવા વિનંતી છે

આભાર સહ.

(આર.ડી. કમ્બોજ)
નિયામક, "ગીર" ફાઉન્ડેશન

**નકલ સાદર રવાના**

[illegible] ગાંધીનગર

ક્રમાંક:યોજના/પરચ/૨૦૧૯/૩૫
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગર તા. ૦૬/૦૯/૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ, ઇકો ક્લબ ધરાવતી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.ભાવનગર

ઉક્ત પત્રની જાણ તથા અમલ થવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:</u>

શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner